રજુ તારીખઃ 04\02\2026
દા. તારીખઃ 06\02\2026
સુના. તારીખઃ 24\02\2026
ફે. તારીખઃ 02\03\2026

| સમયગાળોઃ વર્ષ | માસ | દિવસ |
|---|---|---|
| 00 | 00 | 25 |

## અમદાવાદના મહે.સિટી સિવિલ & સેશન્સ જજશ્રીની કોર્ટમાં, કોર્ટ નં.16, અમદાવાદ

### ફોજદારી પરચુરણ અરજી નંબરઃ 913\2026

લખવાની હેમંતકુમાર રમેશલાલ **વિરૂધ્ધ** ગુજરાત સરકારશ્રી

---

**અરજદાર/આરોપી તર્ફે વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રીઃ ડી.આર.શમનાની**
**સામાવાળા/સરકારશ્રી તર્ફે વિધ્વાન પીપી શ્રી સુધીર બ્રહ્મભટ્ટ**

---

**બી.એન.એસ.એસ., 2023 ની ક.–482 અન્વયે આગોતરા જામીન મેળવવા**

**– હુકમ –**

**01.** અરજદાર/આરોપી સામે નવરંગપુરા પો.સ્ટે.ગુ.રજી.નં.11191036250246/ 25, ધી બી.એન.એસ.એક્ટ ક.316(2), 318(4), 336(2), 336 (3), 340(2), 54 મુજબ ગુનો નોંધાયેલ છે અને તે કામે તેઓની ધરપકડ થવાની સંભાવના જણાતા હાલની આગોતરા જામીન અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

**02.** સદર જામીન અરજી દાખલ કરતા સામાવાળા–શ્રીસરકારને નોટીશ ઈશ્યુ કરવા માં આવેલ છે. સામાવાળા–શ્રીસરકાર તરફે પીપીશ્રી હાજર થયેલ છે અને ત.ક. અ.શ્રીનુ સોગંદનામુ આંક–05 થી રજુ કરેલ છે.

**03.** અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ મૌખિક દલીલમાં જણાવેલ છે કે, કહેવાતો બનાવ તા.30/03/24 ના થી એપ્રીલ–2025 દરમ્યાન બનેલ છે. જેની FIR તા.13/12/25 ના રોજ વિલંબથી નોંધાવેલ છે. FIR 8 માસ મોડી નોંધાવેલ છે. વિલંબ માટે કારણ જણાવેલ નથી. 2 આરોપીઓને અદાલતે રેગ્યુલર જામીન મુક્ત કરેલ છે. હાલના અરજદાર/આરોપી રોલ જામીન મુક્ત થયેલ આરોપી ઓનો જેવો જ છે. અરજદાર/આરોપી ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપી સમાજમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે. અરજદાર/આરોપીએ ફાયનાન્સ કંપનીના કર્મચારી તરીકે સહી કરવાનુ કહેતા સહીઓ કરેલ છે.

અરજદાર/આરોપી 15−16 હપ્તા ભરેલ છે. ધંધામાં નુકશાન જતાં લોન ભરપાઈ કરેલ નથી. અરજદાર/આરોપી ગુન્હાની તપાસ સાથ સહકાર આપવા તૈયાર હોય, આગોતરા જામીન ઉપર મુક્ત કરવા અરજ ગુજારેલ છે.

**04.** ફરીયાદપક્ષ તર્ફે વિ.પીપીશ્રી તર્ફે મૌખિક દલીલમાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી ફરીયાદીની ફાયનાન્સ કંપનીમાંથી ખોટા દસ્તાવેજો આધારે લોન મેળવી, ભરપાઈ ન કરી ગુન્હો આચરેલ હોય, કસ્ટોડીયલ ઈન્ટ્રેગેશનની આવશ્યકતા હોય, જામીન અરજી ના−મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**05.** ફરીયાદપક્ષના કેસની હકીકત, I.K.F. Finance Companyમાંથી કીઆરા ક્રિએશન નામની કાપડની શોપના માલિક હિતેશ કોડવાની તથા અન્ય વ્યક્તિઓને તા.30/3/24 ના રોજ રૂા.40 લાખની લોન આપવામાં આવેલ હતી અને તેઓ દ્વારા ડિસેમ્બર−2024 સુધી રેગ્યુલર હપ્તા ભરવામાં આવેલ હતા, ત્યારબાદ હપ્તા નહીં ભરી ડિફોલ્ટ જાહેર થયેલ અને તેઓનું એકાઉન્ટ NPA થયેલ. જેથી ફાઈનાન્સ કંપની દ્વારા એપ્રિલ−2025 ના અરસામાં કલેક્શન ટીમને કીઆરા ક્રિએશનની દુકાને મોકલી આપેલ. જ્યાં કીઆરા ક્રિએશનના માલિક ભાવિક કોડવાની હાજર હતા તેમને લોન ભરપાઈ કરવા જણાવેલ તેમજ લોન ભરશે નહીં તો મિલકત મોર્ગેજ કરી લોન મેળવેલ છે તે મિલકતની જપ્તિ કરવાની કાર્યવાહી કરીશું તેમ જણાવતા ભાવેશ કોડવાનીએ જણાવેલ કે, લોન માટે મોર્ગેજ કરેલ છે તેવી કોઇ મિલકત તેઓ ધરાવતા જ નથી. જેથી, મિલકત જપ્ત કરી શકતા હોય તો કરી લો. તેમ કહેલ. ભાવેશ કોડવાની દ્વારા જણાવેલ હકીકત, કલેક્શન ટીમના મેનેજર હર્ષલ દવેએ ફાઇનાન્સ કંપનીમાં આવી જણાવેલ. જેથી, ફાઈનાન્સ કંપની દ્વારા તપાસ કરતા હકીકત હકીકત જાણવા મળેલ કે, કીઆરા ક્રીએશનના માલિક હિતેશ કોડવાની, ભાવેશ કોડવાની, સીમા રવી કોડવાનીએ કંપનીમાં ડી.એસ.તરીકે નોકરી કરતા નસીમ લીયાકત અલી ખાન તથા સેલ્સનું કામ કરતા આનંદ પટેલ સાથે મુલાકાત કરી, સીમા કોડવાનીની માલીકીની મિલકત જે બોપલ વિસ્તારમાં આવેલ તેના ઉપર મોર્ગેજ લોન આપવાનું જણાવેલ. જેમાં ટેકનીકલ વેન્ડર એકસો કોર્પ કન્સલ્ટન્ટ LLPના માલીક દીપ ઠાકરે ડોક્યુમેન્ટ તપાસી મિલકતનું ટાઇટલ ચકાસણી માટે લીગલ વેન્ડર દિનેશ કુશવાહાએ મિલકતના ડોક્યુમેન્ટની ચકાસણી બાદ ટેકનીકલ વેન્ડર કંપનીને ફોટા સાથે પોતાનો રીપોર્ટ આપેલ તથા લીગલ વેન્ડરે પોતાનો પોઝીટીવ રીપોર્ટ સોંપેલ. જે આધારે હિતેશ રવી કોડવાની અને ભાવેશ રવી કોડવાની અને સીમા રવી કોડવાની એ કંપનીમાંથી રૂા.40,00,000/−ની લોન લીધેલ. જે મિલ્કત ઉપર મોર્ગેજ લોન અપાયેલ હતી તે મિલ્કતની ખરાઈ કરવા રૂબરૂમાં સ્થળ મુલાકાત કરેલ તે વખતે જાણવા મળેલ કે, બોપલવાળી મિલકત હતી જ નહીં તેમજ સદર મિલકતના શેર સર્ટી બાબતે ચેરમેન હર્ષદ પટેલ પાસે ખરાઈ કરાવતા શેર સર્ટીફીકેટ બોગસ હોવાનું જણાઈ આવેલ. તેમજ અન્ય ડોક્યુમેન્ટોમાં સોસાયટીનુ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, એલોટમેન્ટ લેટર, પઝેશન લેટર, સોસાયટીએ આપેલ નો ડ્યુ સર્ટીફીકેટના તમામ ડોક્યુમેન્ટ બોગસ હોવાનુ જણાઈ આવેલ અને બોગસ ડૉક્યુમેન્ટ આધારે ખુટતી સ્ટેમ્પ ડ્યુટી ભરીને

ડેપ્યુટી કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી તરફથી ખુટતી સ્ટેમ્પ ડ્યુટી ભર્યા સંબંધેનો લેટર રજૂ કરેલ તેમજ ડિક્લેરેશન સબ રજીસ્ટ્રાર કચેરી અમદાવાદ ખાતે રજીસ્ટર કરાવેલ. આમ, સદર મિલકત પર લોન બોગસ ડોક્યુમેન્ટ આધારે થયેલ હોવાનું જણાઈ આવતાં જેથી હાલની FIR નોંધાયેલ છે.

06. **Position of law governing Anticipatory Bail.**

The Hon'ble Supreme Court in "**P. Chidambaram v. Directo-rate of Enforcement**" reported in **(2019) 9 SCC 24** has held as under-

**Grant of anticipatory bail in exceptional cases**

**69.** Ordinarily, arrest is a part of procedure of the investigation to secure not only the presence of the accused but several other purposes. Power under Section 438 Cr.P.C. is an extraordinary power and the same has to be exercised sparingly. The privilege of the pre-arrest bail should be granted only in exceptional cases. The judicial discretion conferred upon the court has to be properly exercised after application of mind as to the nature and gravity of the accusation; possibility of the applicant fleeing justice and other factors to decide whether it is a fit case for grant of anticipatory bail. Grant of anticipatory bail to some extent interferes in the sphere of investigation of an offence and hence, the court must be circumspect while exercising such power for grant of anticipatory bail. Anticipatory bail is not to be granted as a matter of rule and it has to be granted only when the court is convinced that exceptional circumstances exist to resort to that extraordinary remedy.

**72.** We are conscious of the fact that the legislative intent behind the introduction of Section 438 Cr.P.C. is to safeguard the individual's personal liberty and to protect him from the possibility of being humiliated and from being subjected to unnecessary police custody. However, the court must also keep in view that a criminal offence is not just an offence against an individual, rather the larger societal interest is at stake. Therefore, a delicate balance is required to be established between the two rights—safeguarding the personal liberty of an individual and the societal interest. It cannot be said that refusal to grant anticipatory bail would amount to denial of the rights conferred upon the appellant under Article 21 of the Constitution of India.

**83**. Grant of anticipatory bail at the stage of investigation may frustrate the investigating agency in interrogating the accused and in collecting the useful information and also the materials which might have been concealed. Success in such interrogation would elude if the accused knows that he is protected by the order of the court. Grant of anticipatory bail, particularly in economic offences would definitely hamper the effective investigation. Having regard to the materials said to have been collected by the respondent Enforcement Directorate and considering the stage of the investigation, we are of the view that it is not a fit case to grant anticipatory bail.

**The Hon'ble Supreme Court in "XXX vs Arun Kumar C. K" reported in AIR 2022 SC 5705 has held in Para-15 as under:**

In many anticipatory bail matters, we have noticed one common argument being canvassed that no custodial interrogation is required and, therefore, anticipatory bail may be granted. There appears to be a serious misconception of law that if no case for custodial interrogation is made out by the prosecution, then that alone would be a good ground to grant anticipatory bail. Custodial interrogation can be one of the relevant aspects to be considered along with other grounds while deciding an application seeking anticipatory bail. There may be many cases in which the custodial interrogation of the accused may not be required, but that does not mean that the prima facie case against the accused should be ignored or overlooked and he should be granted anticipatory bail. The first and foremost thing that the court hearing an anticipatory bail application should consider is the prima facie case put up against the accused. Thereafter, the nature of the offence should be looked into along with the severity of the punishment. Custodial interrogation can be one of the grounds to decline custodial interrogation. However, even if custodial interrogation is not required or necessitated, by itself, cannot be a ground to grant anticipatory bail.

The Hon'ble High Court of Gujarat in **"Harisinh Abhesinh Parmar Versus State Of Gujarat"** reported in **2023 (0) AIJEL-HC 244993** has held as under;

**9.** Therefore, considering the law which has been laid down by the apex court and considering the averments made in the complaint filed by the original complainant and after considering the observations made by the learned sessions judge concerned, this court is of the

considered view that custodial interrogation can be one of the grounds to decline anticipatory bail. However, even if custodial interrogation is not required or necessitated, by itself, cannot be a ground to grant anticipatory bail and this is not the case where the discretion should be exercised in favour of the applicant for anticipatory bail.

**07.** બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. અરજદાર/આરોપી સામે નવરંગપુરા પો.સ્ટે.ગુ.રજી.નં.11191036250246/25, ધી બી.એન. એસ.એક્ટ ક.316(2), 318(4), 336(2), 336 (3), 340(2), 54 મુજબનો ગુનો નોંધાયેલ છે. FIR તથા ત.ક.અ.શ્રીનુ સોગંદનામુ વંચાણે લેતા, અરજદાર/આરોપીએ તેની પત્ની રોમા હેમંત લખવાણી, લતા ઈમીટેશન નામની પોતાના માલીકીના પ્લોટ નં.139 શ્રી અંકુર કો.ઓપ.હા.સો.લી. મોજે પાલોડીયા ગામે, ગાંધીનકર ખાતેથી ખોટા દસ્તાવેજો તથા ખોટા શેર સર્ટીફીકેટ વિ. આધારે સહ આરોપી દિપક સાથે ભેગા મળી, ફરીયદીની કંપનીમાંથી રજુ કરી, લોન મેળવી, રૂ.40,00,000/- મેળવી, તે ભરપાઈ નહિં કરી, ગુન્હો આચરેલ હોય, આમ, હાલના અરજદાર/આરોપી સદર ગુન્હામાં ખોટા દસ્તાવેજો આધારે ફરીયાદીની ફાયનાન્સ કંપનીમાંથી મેળવેલ લોન ભરપાઈ કરેલ નથી. ગુન્હો આચરેલ હોય, અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનિય કેસ છે. આગોતરા જામીન અરજી તે અસાધારણ અધિકાર છે. જ્યારે કોઈ વ્યક્તિને ખોટી રીતે ગુન્હામાં સંડોવવામાં આવેલા હોય ત્યારે આગોતરા જામીન મંજુર કરી શકાય છે. હાલના કેસમાં અરજદાર/આરોપીનો રોલ વિચારણામાં લેતાં, અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનયિ કેસ છે. અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂરીયાત હોય, આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં, આગોતરા જામીન ઉપર મુક્ત કરવાનુ ન્યાયોચિત કે ન્યાય સંગત જણાતું ન હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**- હુકમ -**

**01.** અરજદાર/આરોપી લખવાની હેમંતકુમાર રમેશલાલની નવરંગપુરા પો.સ્ટે. ગુ. રજી.નં.11191036250246/25, ધી બી.એન.એસ.એક્ટ ક.316(2), 318 (4), 336(2), 336 (3), 340(2), 54મુજબના ગુન્હા કામની હાલની ફો. પ.અ.નં.913\2026 આગોતરા જામીન અરજી **ના-મંજુર** યાને કે **રદ્દ** કરવામાં આવે છે.

**02.** હુકમની સંબંધિત પો.સ્ટેને ઈમેઈલથી જાણ કરવી તથા જરૂરી યાદીઓ કરવી.

**હુકમ આજરોજ તારીખઃ 02 માહેઃ માર્ચ, 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

સ્થળઃ અમદાવાદ.

તારીખઃ 02\03\2026

(પી. બી. પટેલ)
સિટી સિવીલ એન્ડ સેશન્સ જજ,
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અદાલત નંબરઃ 16, અમદાવાદ.
**યુનિક આઈ.ડી નંબરઃ GJ00805**

– ચંદ્રકાન્ત ન. વાળા, ગુજરાતી સ્ટેનોગ્રાફર